સંક્ષિપ્ત સમાચાર

ઘન કચરા વ્યવસ્થાપન માટે સ્વચ્છ ભારત મિશન અને અતુલ ફાઉન્ડેશન વચ્ચે MOU

વલસાડઃ ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ નેજા હેઠળ વલસાડમાં જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જેના ભાગરૂપે જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ વલસાડ તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અને અતુલ ફાઉન્ડેશન (CSR)ના સહયોગથી યોજાયેલી બેઠકમાં તાલુકાની ૩૯ ગ્રામ પંચાયતના ૪૦ ગામમાં ઘન કચરાના અસરકારક અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન માટે અતુલ ફાઉન્ડેશન સાથે ત્રિપક્ષીય સમજૂતી કરાર (MOU) કરવામાં આવ્યાં હતા. બેઠક દરમિયાન જિલ્લા ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર અને SWM કન્સલ્ટન્ટ દ્વારા 'Solid Waste Management (SWM) Rules 2026' અને આ કરારના અમલીકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય જીગ્નાબેન પટેલ, તાલુકા પંચાયત સભ્ય ધર્મેશભાઈ પટેલ, વલસાડના TDO, ATDO, અતુલ ફાઉન્ડેશનની ટીમ, SBM-G સ્ટાફ, તેમજ વિવિધ ગામોના તલાટીઓ અને સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

એથર ઈન્ડસ્ટ્રિઝ દ્વારા વઘઈ તાલુકામાં મેગા મેડિકલ કેમ્પ યોજાયો

ગીરીશ ભોયે

સાપુતારાઃ એથર ઇન્ડસ્ટ્રીઝનાં માર્ગદર્શન હેઠળ ડાંગનાં વઘઇ તાલુકાનાં કૂકડનખી ગામ સ્થિત આવેલી એસ.એસ.માહલા કોલેજ ખાતે ગરીબ, જરૂરિયાતમંદ અને આદિવાસી પરિવારો માટે મેગા મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન એથર ઇન્ડસ્ટ્રીઝનાં દીપકભાઈ મહેતાનાં નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ મેડિકલ કેમ્પમાં આશરે 100થી વધુ લોકોએ પોતાના સ્વાસ્થ્યની તપાસ કરાવી અને નિષ્ણાત તબીબોની સેવાઓનો લાભ લીધો હતો. લોકોને શ્રેષ્ઠ આરોગ્યસેવા ઉપલબ્ધ થાય તે માટે વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહી હતી. તેમાં જનરલ ફિઝિશિયન, આંખના નિષ્ણાત, દંતચિકિત્સક તેમજ ચામડીના રોગોના નિષ્ણાત ડોક્ટરોનો સમાવેશ થતો હતો. ઉપરાંત હૃદય સંબંધિત પ્રાથમિક તપાસ માટે ઈસીજી (ECG) મશીનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આંખોની તપાસ દરમિયાન દૃષ્ટિદોષ ધરાવતા લોકોને વિના મૂલ્યે નંબરવાળા ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવામાં યોજાશે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'

ગીરીશ ભોયે

સાપુતારાઃ આહવા ખાતે રાજ્યકક્ષાના મંત્રી વ ડાંગના પ્રભારી મંત્રી ડો.જયરામ ગામીત, સાંસદ ધવલભાઇ પટેલ, ધારાસભ્ય વિજયભાઇ પટેલના સહિતના મહાનુભાવનો અધ્યક્ષ સ્થાને તારીખ ૧૨ જૂનના રોજ આહવાના ડાંગ દરબાર હોલમાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાનાર છે. જેના વ્યવસ્થાના ભાગરૂપે આજરોજ ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી.પરમારના અધ્યક્ષ સ્થાને એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમિતિના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સફળ રીતના આયોજન થાય તે માટે જિલ્લા કલેક્ટરે સંબધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ સંમેલનમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, વિકાસલક્ષી પહેલો અને છેલ્લા વર્ષોમાં દેશ તથા રાજ્યમાં સર્જાયેલા પરિવર્તનાત્મક વિકાસકાર્યો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

વલસાડ જિલ્લા બિલ્ડર એસો. કલેક્ટરની શુભેચ્છા મુલાકાતે



વલસાડઃ વલસાડ જિલ્લાના નવનિયુક્ત જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ નીતિન સાંગવાનની વલસાડ જિલ્લા બિલ્ડર એસોસિએશનના પ્રતિનિધિ મંડળએ સૌજન્ય મુલાકાત લીધી હતી. કલેક્ટર કચેરીમાં યોજાયેલી આ બેઠકમાં એસોસિએશનના હોદ્દેદારો દ્વારા કલેક્ટરનુ પુષ્પગુચ્છ આપીને સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રેરણાદાયી મુલાકાત દરમિયાન એસોસિએશનના પ્રમુખ અશોક કાનજી મંગે દ્વારા કલેક્ટરને વલસાડ જિલ્લામાં ચાલી રહેલી કન્સ્ટ્રક્શન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રની પ્રવૃત્તિઓ તેમજ જિલ્લાના આર્થિક અને આંતરમાળખાકીય વિકાસ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતાં. એસોસીએશનના હોદ્દેદારોએ વહીવટી તંત્રને ખાતરી આપી હતી કે, વલસાડ જિલ્લાના સુનિયોજિત અને ટકાઉ વિકાસ માટે તેમજ સરકારની તમામ લોકાભિમુખ યોજનાઓ અને નિયમોના સુચારું અમલીકરણમાં બિલ્ડર એસોસિએશન વહીવટી તંત્ર સાથે હંમેશા સહયોગ આપવા કટિબદ્ધ રહેશે.

ભીલાડ સરીગામથી દમણ સુધી એસટી બસ સુવિધાનો આરંભ

ઉમેશ સોલંકી

ઉમરગામઃ મુસાફર જનતાની સુવિધા માટે નવી એસટી બસ સેવા શરૂ કરવા કરવામાં આવેલી રજૂઆતના પગલે એસટી વિભાગ દ્વારા ભીલાડથી સરીગામ ત્રણ રસ્તા થઈને અણગામ, પુનાટ, એકલારા દમણ સુધી- 8 ફેરા અને ભીલાડથી સરીગામ ભંડારવાડ બાયપાસ ચાર રસ્તા, માંડા, સરઈ મરોલી સુધી- 8 ફેરાની શુભ શરૂઆત કરવામાં આવી છે. મંગળવારે સરીગામ ત્રણ રસ્તા અને સરીગામ ભંડારવાડ ચાર રસ્તા ખાતે જિલ્લા પંચાયત સદસ્ય નૂતનબેન ભંડારી, તાલુકા પંચાયત ઉમરગામના વિપક્ષના નેતા રાકેશ રાય, સરપંચ સહદેવભાઈ વઘાત, S T વિભાગ વાપીના સિનિયર અધિકારી ધનસુખભાઈ પટેલ, તા પં સદસ્ય અરવિંદભાઈ બોબા તથા આગેવાનોની ઉપસ્થિતિમાં શ્રીફળ વધેરી લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરવવામાં આવ્યું હતુ.

પારડીની ઓરવાડ શાકભાજી માર્કેટનો સ્લેબ તૂટતાં બેનાં મોત

કાટમાળ નીચે દબાતા શાકભાજી લેવા આવેલા યુવકનું અને સારવાર દરમિયાન વૃદ્ધનું મોત, એકને ગંભીર ઈજા

અમૃત પટેલ

પારડીઃ પારડીના ઓરવાડ ગામે આવેલી શાકભાજી માર્કેટના જર્જરિત બિલ્ડિંગનો સ્લેબ અચાનક તૂટી પડતાં ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં ત્રણ વ્યક્તિ ચપેટમાં આવી ગયા હતા, જેમાં એક યુવકનું કાટમાળ નીચે દબાઈ જતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત બે પૈકી વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ ઓરવાડ ગામે આવેલી શાકભાજી માર્કેટમાં રોજની જેમ વેપાર અને ખરીદી ચાલી રહી હતી ત્યારે અચાનક બિલ્ડિંગનો સ્લેબ ધરાશાયી થયો હતો. સ્લેબ તૂટી પડતાં નજીકમાં રહેલા લોકો અને ગ્રાહકો તેની ચપેટમાં આવી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો સાથે ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. સ્થાનિક લોકો, વેપારીઓ તેમજ બચાવ ટીમ દ્વારા કાટમાળ હટાવી શોધખોળ કરવામાં આવતાં ત્રણ વ્યક્તિને બહાર કાઢવામાં આવ્યાં હતાં. જેમાં શાકભાજીની ખરીદી કરવા માટે આવેલા મનોજ ગૌરીશંકર કુશવાહા (ઉં.વ.20, રહે., ઓરવાડ, ડુંગર ફળિયા) ગંભીર રીતે કાટમાળમાં દબાઈ જતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે માતાફેર શેરબહાદુર ખેરવાર (ઉં.વ.61, રહે., માણેકનગર, ઓરવાડ) તથા અખિલેશ ગોપાલદાસ ગુપ્તા (ઉં.વ.24, રહે., ઉદવાડા ઓરવાડ) ગંભીર રીતે ઘાયલ થયા હતા. બંનેની સ્થિતિ ગંભીર હોવાથી વધુ સારવાર માટે વાપીની ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન માતાફેર શેરબહાદુર ખેરવારનું પણ મોત નીપજ્યું હતું. જ્યારે અખિલેશ ગુપ્તાની સારવાર હાલ ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાએ ઓરવાડ સહિત સમગ્ર પારડી પંથકમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

અગાઉ પણ સ્લેબનો ભાગ તૂટવાની ઘટના બની હતી: સ્થાનિકો

સ્થાનિક લોકો અને વેપારીઓએ જણાવ્યું હતું કે, શાકભાજી માર્કેટનું બિલ્ડિંગ લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતું. અગાઉ પણ આ બિલ્ડિંગના સ્લેબના કેટલાક ભાગ તૂટવાની ઘટનાઓ બની ચૂકી હતી. છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નહોતી. લોકોએ માંગ કરી છે કે આ જર્જરિત શાકભાજી માર્કેટ બિલ્ડિંગને તાત્કાલિક ધોરણે ડિમોલીશન કરી નવી અને સુરક્ષિત વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

વાપીના કરવડ માર્ગ પર બસ અડફેટે બેનાં મોત

એક તરફના માર્ગનું કામકાજ ચાલી રહ્યું હતું, રોંગ સાઈડ બસ આવતા બાઈક અથડાઈ

વાપીઃ વાપીના કરવડ માર્ગ પર સાંજના સમયે બાઈક અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર બે ઈસમોના મોત નીપજ્યા હતાં. અત્રે નોંધનીય છે કે, આ વિસ્તારના એક તરફના માર્ગનું કામકાજ ચાલી રહ્યું હતું. જેથી તમામ વાહનો રોંગ સાઈડથી ચાલતા હતા અને તે સમયે જ આ સિટી બસ પણ તે રોંગ સાઈડથી જઈ રહી હતી ત્યારે બાઈક સામેથી આવી અને બસમાં જોરદાર ભટકાઈ હતી. બાઈકસવાર બંને ઈસમના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતાં.

બનાવની જાણ તરત જ 108 એમ્બ્યુલન્સ અને પોલીસને કરવામાં આવતા સ્થળ પર ટીમ આવી પહોંચી હતી. અકસ્માતમાં મોતને ભેટેલ શૈલેષ વેલજીભાઈ (રહે., મોટાપોંઢા) અને રિપલ લાહનુ દાંપડ (રહે., મોટી પલસાણા, કપરાડા) હોવાનું જાણવા મળી રહ્યું છે.

કામદાર મોત કેસમાં 10 લાખનું વળતર ચૂકવવા કોર્ટનો આદેશ

ચિંચાઈ ગામમાં બની રહેલી ટાંકી પરથી પડી જતાં કામદારનું મોત થયું હતું

વલસાડઃ વલસાડની લેબર કોર્ટે એક મહત્વના ચુકાદામાં મૃત શ્રમિકના ગરીબ પરિવારની તરફેણમાં ચુકાદો આપીને રૂ. ૧૦ લાખથી વધુનું અકસ્માત વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. આ કાનૂની લડાઈમાં 'ગરવી ગુજરાત લેબર યુનિયન'ની સક્રિય ભૂમિકાને કારણે પીડિત પરિવારને ન્યાય મળ્યો છે.

ઘટનાની વિગત મુજબ, વર્ષ ૨૦૧૪માં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કોન્ટ્રાક્ટર જયંતિભાઈ કટારીયા હેઠળ વલસાડના ચીંચાઈ ગામે પાણીની ટાંકીનું બાંધકામ ચાલી રહ્યું હતું. કામગીરી દરમિયાન અચાનક પાલક તૂટી પડતાં કડિયા કામ કરતાં શ્રમિક અરવિંદભાઈ ઊંચાઈ પરથી નીચે પટકાયા હતા. ચાલુ ફરજે થયેલા આ ગંભીર અકસ્માત છતાં કોન્ટ્રાક્ટર કે પાણી પુરવઠા બોર્ડ દ્વારા કોઈ વળતર ન અપાતા, શ્રમિકે કોર્ટમાં નોન-ફેટલ કેસ દાખલ કર્યો હતો. જો કે, કેસની કાર્યવાહી દરમિયાન જ અરવિંદભાઈનું અવસાન થયું હતું.

અરવિંદભાઈના અવસાન બાદ તેમના આશ્રિત વારસદારોએ યુનિયનના એડવોકેટ કૌશિકભાઈ કક્ષાનની મદદથી કાનૂની લડત ચાલુ રાખી હતી. સામા પક્ષે સરકારી પાણી પુરવઠા બોર્ડે પોતાની જવાબદારીમાંથી છટકવા માટે મૃતક સાથે કોઈ 'કામદાર-માલિક'નો સંબંધ ન હોવાનો બચાવ કર્યો હતો. એટલું જ નહીં, આરટીઆઈ (RTI) હેઠળ જરૂરી કાયદેસરના દસ્તાવેજો આપવામાં પણ સરકારી વિભાગે આનાકાની કરી હતી. તંત્રના આવા નકારાત્મક વલણ સામે નમતું જોખવાને બદલે એડવોકેટે લેબર કાયદાની જોગવાઈઓ, વારસદારોની મજબૂત જુબાની અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ ટાંકીને ધારદાર દલીલો રજૂ કરી હતી. જેના આધારે કોર્ટ સમક્ષ કામદાર-માલિકનો સંબંધ સફળતાપૂર્વક સાબિત થયો હતો અને બોર્ડની રજૂઆતો ફગાવી દેવાઈ હતી.

બંને પક્ષોની સુનાવણી બાદ વલસાડ લેબર કોર્ટે સુપ્રીમ કોર્ટના ચુકાદા આધારિત દલીલો ગ્રાહ્ય રાખીને મૃતકના વારસદારોને રૂ.6/9/2026 6:01:22 PM૧૦ લાખથી વધુની રકમ ચૂકવવાનો ઐતિહાસિક આદેશ કર્યો હતો. હાલમાં યુનિયનના પ્રમુખ રુદ્રિકભાઈ કક્ષાન અને એડવોકેટ કૌશિકભાઈ કક્ષાન દ્વારા જરૂરી કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરાવીને આ વળતરની રકમ વારસદારોને અપાવી દેવામાં આવી છે.

પ્રેમસંબંધ તોડી નાંખતા મહિલાના અંગત ફોટા યુવકે વાયરલ કર્યા

પારડી પોલીસે વોટ્સએપ સ્ટેટસના સ્ક્રીનશોટ સહિતના પુરાવાઓના આધારે વધુ તપાસ હાથ ધરી

પારડીઃ પારડી તાલુકામાં એક પરિણીત મહિલાના અંગત ફોટોગ્રાફ વોટ્સએપ પર વાયરલ કરી બદનામ કરવાના ગંભીર આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, પારડી તાલુકાની એક મહિલાએ ફરિયાદ કરી કે આશરે બે વર્ષ પહેલાં તેમના ઘરમાં વાયરિંગનું કામ ચાલતું હતું ત્યારે જગદીશભાઈ મોહનભાઈ નાયકા સાથે પરિચય થયો હતો. સમય જતાં બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. ફરિયાદ મુજબ બંને વિવિધ સ્થળોએ ફરવા જતાં હતા અને પરસ્પર સંમતિથી અંગત પળોના ફોટોગ્રાફ પણ લીધા હતાં.

જોકે થોડા સમય બાદ જગદીશનું વર્તનને લઈ મહિલાએ તેની સાથેનો સંપર્ક તોડી મોબાઈલ નંબર પણ બ્લોક કરી દીધો હતો.

આરોપ છે કે ત્યારબાદ જગદીશે મહિલાને વારંવાર ફોન કરીને હેરાનગતિ શરૂ કરી હતી અને વાતચીત નહીં કરે તો અંગત ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી બદનામ કરવાની ધમકીઓ આપતો હતો. ગત 28 મેના રોજ મહિલાના પુત્રએ તેમને જાણ કરી હતી કે જગદીશે પોતાના વોટ્સએપ સ્ટેટસમાં મહિલાના અંગત ફોટા મુક્યા છે. પરિવારજનો દ્વારા આરોપીનો સંપર્ક કરતાં તે મળ્યો ન હતો. ત્યારબાદ ગામના સરપંચને જાણ કરી પારડી પોલીસ સ્ટેશનમાં અરજી આપવામાં આવી હતી.

અરજીની તપાસ ચાલુ હોવા છતાં આરોપી વિડીયો અને ફોટા વધુ વાયરલ કરવાની ધમકીઓ આપતો રહ્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. પારડી પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી મોબાઈલ ફોન, વોટ્સએપ સ્ટેટસના સ્ક્રીનશોટ અને અન્ય ડિજિટલ પુરાવાઓના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

એંધલ ગામેથી ૨.૬૯ કિલો પોશડોડાના પાઉડર સાથે રાજસ્થાની ઝડપાયો

બીલીમોરાઃ ગણદેવી પોલીસે નેશનલ હાઈવે નં.૪૮ એંધલ ગામે પહાડ ફળિયા શ્રી ધારા આઈમાતા હોટલમાં છાપો મારી ૨.૬૯૧ કિલોગ્રામ પોશડોડાનો પાવડર સાથે એકને ઝડપી પાડ્યો હતો. પોલીસે નશાકારક પાવડરનું છૂટક વેચાણ કરતાં દલીપકુમાર ભવરારામ પ્રજાપતિ (ઉં.વ.૩૮, મૂળ રહે., રાજસ્થાન, હાલ રહે., શ્રી ધારા આઈમાતા હોટલ, ગણદેવી) પાસેથી રૂ.૪૪,૪૧૫ નો પોશડોડાનો પાવડર (૨.૬૯૧ કિ.ગ્રા.), મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦ હજાર મળી કુલ રૂ.૫૪,૪૧૫નો મુદ્દામાલ કબજે લીધો હતો. તેની ધરપકડ કરી હતી જ્યારે એક અજાણ્યા કન્ટેનરચાલક (ઉં.વ.૪૫)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

માંડવા ગ્રામસભામાં ગેરવર્તન અંગે ટીડીઓને રજૂઆત

વલસાડઃ નાનાપોંઢા તાલુકાના માંડવા ગ્રામ પંચાયતની ગ્રામ સભામાં યુવાન દ્વારા કવોરી મુદ્દે પૂછાયેલા પ્રશ્ન અંગે સરપંચ દ્વારા કરાયેલા ગેરવર્તન અને પદના દુરુપયોગ સામે કડક કાર્યવાહી કરવા યુવાન દ્વારા તાલુકા વિકાસ અધિકારી નાનાપોંઢાને રજૂઆત કરી છે.

આ પ્રસંગે આમ આદમી પાર્ટીના હોદેદાર દિવ્યેશ પટેલ, રાજેશ રાવુત પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, 5 જૂને યોજાયેલી ગ્રામસભામાં સરપંચ દશમાભાઈ ધનગરીયા દ્વારા ગ્રામજનો સાથે અપમાનજનક અને અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. જેને લઈ ગ્રામ સભાની મર્યાદા અને ગૌરવને ઠેસ પહોંચી છે. તેમજ જાહેરમાં યુવાન આનંદ થોરાટ સાથે અપમાનજક વર્તન કર્યું હતું. ઘટનાને લઈ ગામમાં અસંતોષ અને વિવાદનું વાતાવરણ સર્જાયું છે. આ સમગ્ર ઘટના અંગે નિષ્પક્ષ તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

ધરમપુર તા.પં.માં વિરોધ પક્ષના નેતા તરીકે કોંગ્રેસના દેવુ મોકાસીની વરણી

ધરમપુરઃ ધરમપુર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષની બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તથા પૂર્વ સાંસદ કિશન પટેલની અધ્યક્ષતામાં કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાઈ હતી. બેઠક દરમિયાન તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા તરીકે દેવુ રાજુ મોકાસીની, ઉપનેતા તરીકે રસિક રમણ દેસાઈની તેમજ દંડક તરીકે શીતલ એન. ચૌધરીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બેઠકમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલ સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ગૌરી ગામમાં ફાળવેલી ટાંકી આશ્રમશાળાને આપતા વિવાદ

માજી સરપંચને નોટિસ ફટકારી પાંચ દિવસમાં જવાબ મંગાયો

ખેરગામઃ ખેરગામ તાલુકાના ગૌરી ગ્રામ પંચાયતના વર્તમાન સરપંચ દ્વારા ગામના માજી સરપંચ ગોકુળભાઈ એમ. પટેલને એક સત્તાવાર નોટિસ ફટકારવામાં આવી છે.

સમગ્ર વિગત અનુસાર, ગૌરી ગામમાં પાણી પુરવઠા વિભાગ અંતર્ગત એક ચોક્કસ મહોલ્લામાં પાણીની સુવિધા પૂરી પાડવા માટે ૧૦,૦૦૦ લીટરની ક્ષમતા ધરાવતી સિન્ટેક્સની પાણીની ટાંકી મંજૂર કરવામાં આવી હતી. જોકે, માજી સરપંચ ગોકુળભાઈ પટેલ દ્વારા અગાઉ પંચાયતની કોઈ સત્તાવાર પરવાનગી વિના આ સરકારી ટાંકી ગૌરી આશ્રમશાળાને થોડા સમય માટે કામચલાઉ ધોરણે વાપરવા આપી દેવામાં આવી હતી. તાજેતરમાં ગત તા. ૨/૬/૨૦૨૬ના રોજ માજી સરપંચે એક પત્ર લખીને જણાવ્યું હતું કે, મહોલ્લામાં પાણીની ભારે અછત હોવાના કારણે તેઓ આ સરકારી ટાંકી આશ્રમશાળામાંથી પરત લાવીને ફરી મહોલ્લામાં મૂકવા જઈ રહ્યા છે. વર્તમાન ગ્રામ પંચાયતે આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈને માજી સરપંચ સામે કડક વલણ અપનાવ્યું છે. પંચાયતે નોટિસમાં સીધા સવાલો પૂછ્યા છે કે, સરકારી મિલકત કોની મંજૂરીથી આશ્રમશાળાને અપાઈ હતી? અને હવે તે કઈ ચોક્કસ જગ્યાએ મૂકાશે તેની કોઈ સ્પષ્ટતા કેમ નથી? ગ્રામ પંચાયતના સરપંચની સહી-સિક્કા સાથે પાઠવેલી આ નોટિસમાં સ્પષ્ટ ચેતવણી અપાઈ છે કે જો ૫ દિવસમાં જરૂરી પુરાવા સાથે સંતોષકારક જવાબ નહીં મળે, તો માજી સરપંચ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરાશે.

પાંચ વર્ષથી ફરાર આરોપીને ચીખલી પોલીસે ઝડપી પાડ્યો

ઘેજઃ ચીખલી પોલીસ સ્ટેશનના ૨૦૨૧ના પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝાકિર જુમ્માભાઈ બકસુભાઈ મુલતાની (ઉં.વ.૩૯, રહે., ઝંખવાવ, તા.માંગરોળ, જિ.સુરત) ચીખલીના આલીપોર વિસ્તારમાં આવતો હોવાની બાતમીના આધારે ચીખલી પોલીસે આલીપોર ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી ઝડપી પાડ્યો હતો. ઝાકિર આ ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો હતો.

કેપિટલ માર્કેટમાં સીએ માટે વિશાળ તક

સીએ ઇન્સ્ટિટ્યૂટ વાપી બ્રાન્ચ દ્વારા યોજાયેલી કોન્ફરન્સમાં દેશભરના નિષ્ણાતોએ શેર માર્કેટની ચાલ વિશે વાત કરી

વલસાડ/વાપીઃ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ હવે ટેક્સ ઓડિટ પૂરતા સિમિત રહ્યા નથી. તેમના માટે નવાં નવાં ક્ષેત્ર ખુલતા રહે છે. હાલ કેપિટલ માર્કેટમાં સીએ માટી તક ઉપલબ્ધ છે. આવકના આંકડા સાથે રમતા સીએની કેપિટલ માર્કેટના ક્ષેત્રમાં ડિમાન્ડ વધી છે. જેને સીએ ઈન્સ્ટિટ્યુટ પણ પ્રોત્સાહન આપી રહી છે. જે અંતર્ગત વાપી ખાતે કેપિટલ માર્કેટ પર એક ખાસ કોન્ફરન્સ અર્થવ્યુહ 2026નું આયોજન કરાયું હતું. જેમાં ઉપસ્થિત રહેલા સીએ ઈન્સ્ટિટ્યુટના પાસ્ટ પ્રેસિડન્ટ ચરનજ્યોત સિંઘ નંદાએ માર્કેટની અનિશ્ચિતતાની વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, કેપિટલ માર્કેટનો પોઝીટીવ ટ્રેન્ડ રહેશે જોકે, તેના માટે થોડી રાહ જોવી પડશે. આ સાથે જય છૈરાએ પણ કેપિટલ માર્કેટમાં સીએની ભૂમિકા વિશે વાત કરી હતી.

મુંબઈ બાદ હવે વાપી ઉદ્યોગ જગત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. વાપીમાં આગામી સમયમાં ચારથી પાંચ કંપનીઓ આઈપીઓ લાવી રહ્યા છે. બીજી કંપનીઓ પણ પોતાનો આઈપીઓ લાવવાની તૈયારી કરી રહી છે. જેની તૈયારી માટે સીએની ભૂમિકા મહત્વની બનતી હોય છે. જેના માટે સીએ માટે આ કેપિટલ ક્ષેત્રમાં ખૂબ મોટો સ્કોપ હોવાની વાત વાપીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જીજ્ઞેશભાઈ વસાણીએ જણાવી હતી.

હાલના સમયમાં ઓઈલનો ભાવ વધ્યો છે. રૂપિયો ગગડ્યો છે. ત્યારે કેપિટલ માર્કેટમાં ખૂબ સાવચેતી રાખવી જરૂરી છે. જેના માટે આ કોન્ફરન્સમાં ફન્ડામેન્ટલ, મેક્રો અને માઈક્રો ટ્રેડિંગ વિગેરેની માહિતી અપાઇ રહી હોવાની વાત ગાંધીધામના સીએ જીતેન્દ્ર ખંડુલે કહી હતી. અર્થવ્યુ 2026ના આયોજનમાં સીએ બ્રાન્ચના પ્રેસિડન્ટ દિપીકા ગુટગુટિયા અને તેમની ટીમના પ્રયાસોથી પ્રથમ વખત રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સમાં 300થી વધુ કેન્ડીડેટ્સ જોડાયા હતા.

HDFC BANK
We understand your world

રજીસ્ટર્ડ ઓફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅરપરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩ અને
જેની એક ઓફિસ : રીટેઈલ પોર્ટફોલીયો મેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ, આઈ-થીંક ટેકનો કેમ્પસ કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૪૨ ખાતે છે.

એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણ માટેની માહિતી અને જાહેર સૂચના

એચડીએફસી બેંક લિમિટેડ (બેંક) ના નીચે દર્શાવેલ લોનધારકોને બેંક પાસે સિકયોરિટીઝ સામે લોન / ઓવરડ્રાફ્ટની ક્રેડિટ સુવિધાઓ મેળવવા ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.

લોનની શરતો અનુસાર બાકી લેણાંની ચુકવણી કરવામાં લોન લેનારાઓ દ્વારા સતત કસુર થવાના કારણે, નીચેના લોન ખાતા અપરાધની સ્થિતિમાં છે. બેંક દ્વારા આ લોનધારકોને વારંવાર નોટીસો જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણની નોટીસનો સમાવેશ થાય છે. જેમાં નીચે જણાવેલ ખાતાઓમાં બાકી રહેલ તમામ લેણાંની ચુકવણી કરવા માટે લોન લેનારને **૭ દિવસ**નો સમય આપ્યો હતો, લોન લોનાર જેમાં નિષ્ફળ થયા હોવાથી આ સંબંધમાં વધુ નોટીસ આપ્યા વિના ગીરવે મુકેલી સિકયોરિટીઝ વેચવા માટે બેંક સ્વતંત્ર હશે.

લોન લેનારાઓએ અવગણના કરી છે અને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, તેથી બેંક દ્વારા લોન કરાર હેઠળ તેના અધિકારોનો ઉપયોગ કરી **તા.૧૭ મી જૂન ૨૦૨૬** ના રોજ અથવા તે પછી લોન લેનારાઓની લોનના બાકી લેણાંની વસૂલાત માટે સિકયોરિટીઝનું વેચાણ / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોન લેનારાઆને ભારતીય કરાર અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૭૬ ના પાલનમાં આને વેચાણની સૂચના તરીકે ગણવા માટે સૂચિત કરવામાં આવે છે. લોન લેનારાઓને પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, માર્જીનની જરૂરિયાતમાં શેરબજારની અસ્થિરતાને કારણે વધુ ઉણપ ઉભી થાય અને ગીરવે મુકેલી સિકયોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે તો બેંક આ સંદર્ભમાં વધુ સૂચના આપ્યા વિના તેની વિવેકબુદ્ધિથી ગીરવે મુકેલ સિકયોરિટીઝને એક(૧) કેલેન્ડર દિવસની અંદર વેચશે. ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણમાંથી મળેલ રકમના એડજસ્ટમેન્ટ બાદ, બેંકને બાકી રહેલી રકમની ચૂકવણી કરવા માટે લોન લેનાર જવાબદાર રહેશે.

અ.નં.	લોન ખાતા નંબર	દેવાદારો ના નામ	૦૭ મી જૂન ૨૦૨૬ ના રોજની બાકી રકમ	વેચાણ નોટીસની તારીખ
૧	XXXXXXXXXX6498	બામણીયા હર્ષવંત સોમા	૧,૦૩,૭૩૩.૫૦	૦૬ જૂન ૨૬
૨	XXXXXXXXXX6033	નીશા દિલીપ સોલંકી	૩૩૫.૮૨	૦૬ જૂન ૨૬
૩	XXXXXXXXXX1192	રાહીમા બીબી	૩૫,૦૮૯.૧૩	૦૮-૦૬-૨૬
૪	XXXXXXXXXX3209	ટીમ્મર ધર્મેશ મનુભાઈ	૧,૭૦૨.૪૮	૦૬ જૂન ૨૬

તા. : ૧૦.૦૬.૨૦૨૬ સહી/-
સ્થળ : દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ એચડીએફસી બેંક લિ.